## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



'બેકલેસ' ચોલી તો દર વર્ષે ડીઝાઈન કરી જ આપો છો... આ વખતે વધુ કાંઈક લેસ થાય એવી ડીઝાઈન વિચારોને...!!!

# સ્વર્ણિમ પાર્કની જાળવણીનું કામ એજન્સીને સોપાશે

## પોણા બે કરોડનો ખર્ચ થશે : અગાઉ ફેઇઝ ટુ ની જાળવણીનુ કામ પણ એજન્સીને સોંપાયુ હતુ : ઘ-૪ થી ચ-૪ના ફેઇઝ થ્રી માટે પણ પ્રક્રીયા હાથ ધરાઇ

ગાંધીનગર તા ૮

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કની જાળવણી માટે ખાનગી એજન્સીને કામ સોંપવામાં આવશે.સ્વર્ણિમ પાર્કના ફેઈઝ થ્રી અન્વયે ઘ-૪ થી ચ-૪ વચ્ચેના વિસ્તારમાં પાર્કની લોન પ્લાન્ટેશન તેમજ સ્વચ્છતા સહિતની જવાબદારી એજન્સીને કોન્ટ્રાકટના ધોરણે આપવામાં આવશે. જેની પાછળ રૂપિયા ૧.૬૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે.



શેહરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં હરિયાળી લોન વિવિધ પ્રકારના રોપાઓનો ઉછેર કરવામાં આવ્યો છે. જયારે સહેલાણીઓ માટે અનેક આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા સ્વર્ણિમ પાર્કની જાળવણી પાછળ પણ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. અગાઉ સ્વર્ણિમ પાર્કમાં ફેઈઝ ટુ ની જાળવણી માટે રૂપિયા ૨.૪૦ કરોડના ખર્ચે એજન્સીને કામ સોંપવામાં આવ્યુ હતુ. જયારે ફેઈઝ ઉનુ કામ પણ પુર્ણ થયા બાદ તંત્ર દ્વારા પાર્કની યોગ્ય સંભાળ અને સલામતી વ્યવસ્થા માટે એજન્સી નિયત કરવા માટેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. સ્વર્ણિમ પાર્કના મહત્વકાંક્ષી પ્રોજેકટ પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા છે. જયારે નગરની આગવી ઓળખ સમા આ પાર્કને તાજો રાખવા પુરતુ પાણી મળી રહે તેવી પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ફેઈઝ થ્રી ની જાળવણી માટે પણ એક વર્ષ માટે એજન્સીને કોન્ટ્રાકટ સોંપવામાં આવશે.જેમાં લોન પ્લાન્ટેશન તેમજ કલીનીંગ અને સિકયોરીટીની વ્યવસ્થાનો આવરી લેવામાં આવશે.સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓ માટે અનેક આર્કષણો ઉભા કરવામાં આવ્યા છે. જેમાં હરિયાળી લોન અને પ્લાન્ટેશનની સાથે સીટીંગ અમ્બ્રેલા વોટર બોડી લાઈટીંગ વિવિધ પ્રકારના પ્લાઝા સહીતના આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે. આવા સંજોગોમાં રાત્રિના સમયે પણ પાર્કમાં સહેલાણીઓની વિશેષ ભીડભાડ જોવા મળે છે. ત્યારે પાર્કની જાળવણીનો મુદ્દો પણ મુખ્ય હોવાથી તંત્ર દ્વારા એજન્સીને નિયત કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુનું પરીક્ષણ કરવાની જવાબદારી માઈક્રો બાયોલોજી વિભાગને સોંપવામાં આવી છે.

● ગાંધીનગર શહેરમાં નવરાત્રી પર્વની ઉજવણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે.

● ગાંધીનગર સેક્ટર-૨૧ના જીમખાના સંકુલમાં આજે મેલેરિયા તંત્રએ ફોગીંગની કામગીરી કરી હતી.

● ગાંધીનગરના ૧૦ ખેલાડીઓએ ટેકવૉનડુની રાષ્ટ્રીય સ્પર્ધામાં ૬ ગોલ્ડ અને ૪ સિલ્વર મેડલ મેળવ્યા છે. આ સ્પર્ધા જયપુર ખાતે યોજાઈ હતી. ગાંધીનગરના ૧૫ ખેલાડીઓની ટીમ ભાગ લેવા ગઈ હતી.

● ગાંધીનગર નજીક આવેલ પેથાપુર ગામમાં પીવાના પાણી પુરવઠાને લઈ પ્રશ્નો ઉભા થયા છે.

## ભાજપા દ્વારા બે દિવસીય 'વક્તા કાર્યશાળા'નું આયોજન

ગાંધીનગર, તા. ૮

પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન અંતર્ગત આગામી તારીખ ૧૦ અને ૧૧ ઑકટોબર એમ બે દિવસ 'વક્તા કાર્યક્રમ'નું આયોજન પ્રદેશ ભાજપા દ્વારા કરવામાં આવ્યું છે.

પ્રદેશ પ્રવક્તા આઈ.કે. જાડેજાએ કાર્યશાળાની વિગતો આપતાં જણાવ્યું હતું કે રાજયભરમાંથી ઉપસ્થિત ૪૦૦થી પણ વધુ કાર્યકર્તાઓએ વૈચારિક અને વ્યકિતગત ઘડતર ઉપરાંત સંગઠનાત્મક અને રાજકીય વિષયો ઉપર રાષ્ટ્રીય અને પ્રદેશના મહાનુભાવો માર્ગદર્શન આપશે. આ કાર્યશાળાએ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પ્રદેશ ભાજપાના પ્રભારી ડૉ. દિનેશજી શર્મા, રાષ્ટ્રીય મહામંત્રી મુરલીધર રાવ, પંડિત દિનદયાલ શોધ સંસ્થાના વડા મહેશચંદ્રજી શર્મા, રાષ્ટ્રીય સહસંગઠન મહામંક્ષી વી. સતીષજી, પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુજી, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રી ભિખુભાઈ દલસાણિયા, પ્રદેશ મહામંત્રી મનસુખભાઈ માંડવિયા સહિતના અગ્રણીઓ સંબોધશે.

પ્રદેશ કાર્યાલય શ્રીકમલમ્ ખાતે તા. ૧૦-૧૧ (શનિ-રવિ) ઓકટોબરે યોજાનારી આ કાર્યશિબિરમાં પ્રદેશ હોદેદારો, મોરચાના પ્રમુખ મહામંત્રીઓ, જિલ્લા/મહાનગરના પ્રભારીઓ, જિલ્લા/મહાનગરના પ્રમુખ મહામંત્રીઓ, જિલ્લા/મહાનગર પ્રશિક્ષણ સેલના કન્વીનરો ઉપરાંત પ્રદેશના અગ્રણી કાર્યકર્તાઓ આ વક્તાકાર્યશાળામાં ઉપસ્થિત રહેશે.



શહેરના ખ-૦ થી ખ-૧ વચ્ચે આજે સવારના અરસામાં એક બાઈક સળગી ઉઠવા પામ્યું હતું. યામાહા લીબેરો બાઈક નં. જીજે-૧૮-એલ-૭૮૫૧ લઈને જતા યુવાને પોતાનું બાઈક અચાનક સળગતા સાઈડમાં ઉભુ કરી દઈને પોતાનો જીવ બચાવવા બાઈક સ્ટેન્ડ કરીને ઉતરી ગયો હતો. બાઈક સળગીને ખાખ થઈ ગયું હતું. જો કે સદ્ભાગ્યે કોઈ ઈજા કે જાનહાની થવા પામી ન હતી. (તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)

## જીવદયાપ્રેમી યુવાન અને બે ડૉકટરોનો પ્રસંશનીય પ્રયાસ, પણ ગાયને બચાવી ન શક્યા

ગાંધીનગર, તા. ૮

શહેરના સેક્ટર-૨૯, છ-ટાઈપ વિસ્તારમાં આશરે ૧૧ વાગ્યાના અરસામાં એક ગાય વિયાણી હતી. પરંતુ સુવાવડ દરમ્યાન તેનું ગર્ભાશય બહાર નીકળી જતા ડૉક્ટરોની મહામહેનત બાદ પણ ગાયને બચાવી શકાઈ નહોતી. ગાય મૃત પામતા તેના સેવાકાર્યમાં જોડાયેલા લોકોમાં નિરાશા વ્યાપી જવા પામી હતી.

નગરના સેક્ટર-૨૯ સ્થિત ૧૧૯ નંબરના બ્લોકની પાછળ એક ગાય વિયાણી હતી. પરંતુ સુવાવડ બાદ ગાયની તબિયત લથડતા નીચે સુઈ ગઈ હતી. અને તેનું ગર્ભાશય બહાર આવી ગયું હતું. આ દશ્ય બ્લોક ૧૧૯માં રહેતા જીવદયાપ્રેમી યુવાન દિનેશ ચૌધરી જોઈ જતાં તરત નીચે જઈને ગાયને ઉભી કરવાના પ્રયત્ન કર્યા છતાં પણ ગાય ઉભી ન થતા દિનેશે તુરંત જલારામ સેવા ટ્રસ્ટ અને પશુદવાખાનાના ડૉક્ટરોને ફોન કરતાં થોડીવારમાં બે ડૉક્ટર આવી ગયા હતા. બન્ને ડૉક્ટરોએ આવી ઈન્જેકશન, બોટલ વગેરેથી તેમની કામગીરી શરૂ કરી હતી. દોઢ કલાકના અંતે ગર્ભાશયને મૂળ જગ્યાએ પાછુ બેસાડી દીધુ હતુ. પરંતુ આ દરમ્યાન ગાયની તબિયત વધુ લથડી ગઈ હતી. અને આખરે ગાયે દમ તોડ્યો હતો. ઉલ્લેખનીય છે કે બી.એસ.એફ.માં નોકરી કરતા યુવાન દિનેશે નોકરીમાં રજા રાખીને આ સેવાકાર્યમાં દોજાયો હતો. આસપાસના રહિશોએ પણ સારો સહકાર આપ્યો હતો. જ્યારે ડૉક્ટરે જણાવ્યું હતું કે પશુમાલિકો દ્વારા ગાયને છુટ્ટી મુકવામાં આવે છે. જેથી ગાય એંઠવાડ, કચરો, પ્લાસ્ટીક વગેરે ખાઈ ખાઈને અંદરની તાકાત રહેતી નથી. આવી ગાયો પણ કુપોષણનો ભોગ બને છે. અત્યારે હાલ નગરમાં રખડતી ગાયોને કુપોષણની સમસ્યા નડી રહી છે. માટે યોગ્ય આહાર મળે તેની તાતી જરૂરિયાત છે.

## રેશનલ સમાજની માસિક બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૮

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક આગામી તા. ૧૦ ઓક્ટોબરને શનિવારે સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩ ખાતે યોજાશે. માસિક બેઠકમાં સર્વે સભાસદ મિત્રોએ સમયસર બેઠકમાં ઉપસ્થિત રહેવા સમાજના મંત્રી પંકજ પટેલે જણાવેલ છે.

## સેક્ટર-૨૧ પેટ્રોલ પંપના તમામ ફિલીંગ સ્ટેશન કાર્યરત રાખવા ગ્રાહકોની માંગ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં ઠેક ઠેકાણે પેટ્રોલ પંપ આવેલા છે. જેમાં સીએનજી, પેટ્રોલ, ડિઝલનું વેચાણ થાય છે. શહેરના સેક્ટર-૨૧માં આવેલા કલ્પતરૂ નિગમ પંપ પર લોકોનો ભારે ધસારો જોવા મળે છે. પરંતુ માત્ર બે નોઝલથી વાહનોમાં પેટ્રોલ-ડિઝલ ભરવામાં આવતું હોવાથી ઓફિસ ટાઈમમાં લાંબી લાઈનો લાગે છે. વાહનો લઈને આવતા ગ્રાહકો લાઈન જોઈ આશ્ચર્ય પામે છે.

આ પેટ્રોલપંપ પર તમામ ફિલીંગ સ્ટેશન ચાલુ રાખવામાં આવે તો લાઈન લાગે નહી તેમજ સમયની બચત થાય તેવું ગ્રાહકોમાં ચર્ચાય છે. નગરના આ પેટ્રોલપંપ પર ભારે ધસારાને કારણે પહોંચી વળવા નિગમના તંત્ર દ્વારા ત્વરીત નિર્ણય લઈ ફીલીંગ સ્ટેશનો કાર્યરત થાય તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

## ગુજરાતના પોલીસ વડા આજે રાજકોટ પહોંચશે

રાજયના મુખ્ય સચિવ જી.આર.અલોરિયાની ઉપસ્થિતિમાં રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના ઉચ્ચ પોલીસ અધિકારીઓની એક બેઠક બોલાવવામાં આવી છે અને આ બેઠકમાં બોલાવવામાં આવી છે અને આ બેઠકમાં ડીજીપી પી.સી.ઠાકુર પણ ઉપસ્થિત રહેવાના છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આવતીકાલની બેઠકમાં પાટીદાર અનામત આંદોલન ઉપરાંત રાજકોટમાં ૧૮મીએ રમાનારા મેચ બાબતે ઉભી થયેલી સમસ્યા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

## શેરી ગરબા ૧૨ વાગે બંધ કરાશે તો ઉગ્ર વિરોધ કરીશુ : વીએચપી-બજરંગદળ

ગાંધીનગર, તા. ૮

નવરાત્રીમાં સુપ્રિમ કોર્ટનો આદેશ અનુસાર શેરી ગરબાઓ રાત્રે ૧૨ વાગે બંધ કરાવામાં આવશે તો તેનો વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળ દ્વારા ઉગ્ર વિરોધ કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. વીએચપી-બજરંગદળ દ્વારા અવાજના પ્રદૂષણના નામે માત્ર હિન્દુ તહેવારોને લક્ષ્ય બનાવવાની નીતિનો વિરોધ કરતા જો પોલીસ કાર્યવાહી કરાશે તો મોટા પાયે આંદોલાત્મક તેમજ ઉગ્ર વિરોધ નોંધાવાશે. અને તે દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ બનશે તો તેની જવાબદારી પોલીસ અને સરકારી તંત્રની રહેશે.

## ગાંધીનગરને ડેન્ગ્યુ માટે સંવેદનશીલ જાહેર કરો : હર્ષજિત પંડ્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરનો ડેન્ગ્યુનગર બનતુ અટકાવવા તંત્ર ગંભીર બની કાર્યવાહી કરે તેવી માંગ કોંગી કાઉન્સીલર શ્રી હર્ષજીત પંડ્યાએ આજે એક પત્ર કમિશનરને લખી કરી છે.

શ્રી પંડ્યાએ તેમના આ પત્રમાં શહેરમાં જે રીતે વાહકજન્ય રોગચાળો વકરી રહ્યો છે તેને ધ્યાને રાખી અર્બન હેલ્થ સેન્ટરોમાં પણ મેલેરિયાની ખાસ ઓ.પી.ડી. શરૂ કરવા તેમજ શહેરને ડેન્ગ્યુ માટે સંવેદનશીલ વિસ્તાર ઘોષિત કરવાની માંગ કરી છે.

શ્રી પંડ્યાએ તેમના પત્રમાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેરમાં છેલ્લા ૧ મહિનામાં વાહકજન્ય રોગચાળો ખાસ કરીને ડેન્ગ્યુ જે રીતે વધી રહ્યો છે તેની સામે ગંભીર રીતે પગલા લેવામાં આવે તે અત્યંત આવશ્યક છે. અમારી માહિતી પ્રમાણે ૭૦ જેટલા શંકાસ્પદ કેસો તેમજ ૨૦થી વધુ બી.જે. મેડીકલ કોલેજ દ્વારા ડેન્ગ્યુના કેસ કન્ફર્મ થઈને આવ્યા છે. જો આ આંકડો સાચો હોય તો ગાંધીનગર શહેરને ડેન્ગ્યુ માટે સંવેદનશીલ જાહેર કરવું જોઈએ. આપના તંત્રના આંકડાઓ જે આવે છે તે ધ્યાને લઈએ તો ૩૦૦૦થી વધુ સ્થાને મચ્છરોના બ્રિડીંગ મળેલ છે. આવા સંજોગોમાં રાજ્ય સરકાર પાસેથી વધુ સહાય મેળવવા માટેની દરખાસ્ત મેળવવી જોઈએ. તેમજ ગાંધીનગર મહાનગરપાલિકામાં કાયમી બાયોલોજીસ્ટની જગ્યા ભરે તેવી માંગણી કરવી જોઈએ. આ અગાઉ પણ રજૂઆત કરેલી છે. પરંતુ આ દરખાસ્ત માટે કોઈ ધ્યાન અપાયું તે દુઃખદ છે. ગાંધીનગર શહેરની ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા ગરીબ લોકોને મચ્છરદાની આ વખતે આપવામાં આવી નથી, જે દુઃખદ છે. ગાંધીનગર મહાનગરપાલિકા આરંભેસુરે તેવું વલણ રાખવાને બદલે પ્રજાની સાચા અર્થમાં સેવા કરે તે જરૂરી છે. ૩૦૦૦ સ્થળો ઉપરથી બ્રિડીંગ મળ્યા છે જે મચ્છરોની ઘનતા દર્શાવી છે. માટે ગાંધીનગર શહેરને તાત્કાલિક સંવેદનશીલ જાહેર કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરીએ છીએ. આ ઉપરાંત આપણા અર્બન હેલ્થ સેન્ટરોમાં મલેરિયા માટે ખાસ ઓપીડી શરૂ કરવી જોઈએ. તેવી પણ માંગણી કરીએ છીએ. તમામ સેન્ટરો પર ડેન્ગ્યુનું તાત્કાલિક નિદાન થાય તે પ્રમાણેની વ્યવસ્થા પણ ઉભી કરવી જોઈએ.

# મનપા કચેરી ખાતે સરકારી કામદારોનો હોબાળો

ગાંધીનગર, તા. ૮

શહેરના સેક્ટર-૧૧ સ્થિત એમ.એસ. બિલ્ડીંગના પટાંગણમાં એકઠા થયેલા સફાઈ કામદારોએ પોતાના પ્રશ્નોનું નિરાકરણ ન આવતા હાજર મહિલાઓએ મહાનગર પાલિકાના કમિશનરના છાજિયા લીધા હતા. સફાઈ કામદારોએ જોરશોરથી સુત્રોચ્ચાર કરતાં કોર્ટ અને પાલિકાના ઓફિસરના કર્મચારીઓ પણ બારીમાંથી જોતા હતા. પડતર પ્રશ્નોનો જલ્દી નીવેડો નહિ આવે તો આગામી સમયમાં સફાઈ કામદારોએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.



મહાનગરપાલિકાના સફાઈ કામદારો છેલ્લા ઘણા સમયથી પડતર પ્રશ્નોને લઈ લડતનું રણશિંગુ ફુક્યું છે. પાલિકાના પટાંગણમાં મીટીંગ તેમજ બેઠકનો દોર શરૂ થયો છે. આજે સવારે ઘણા સમયથી પોતાના પ્રશ્નો અંગે એકઠા થયા હતા. કામદારોના પ્રમુખ પ્રશ્નોમાં જુના સફાઈ કામદારોને પોતાની સાઈડ ફિક્સ કરવી, પાલિકાના કાયમી જુના કર્મચારીને છઠ્ઠુ પગારપંચ આપવામાં આવ્યું છે તો છઠ્ઠા પગારપંચનો લાભ આપવો, સફાઈ કામદારો માટે અનકીટ પ્રથા દાખલ કરવા માટે દરખાસ્ત રજુ કરવી, તેમજ કામદારોને આઈકાર્ડ અને પગાર સ્લીપ આપવા સહિતના પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી. વારંવારની રજુઆત છતાં મનપા કમિશનર દ્વારા કોઈ હકારાત્મક વલણ ન અપનાવતા કામદારો રોષે ભરાયા હતા. એમ.એસ. બિલ્ડીંગ ખાતે એકઠા થયેલા કામદારોમાં મહિલાઓએ સુત્રોચ્ચાર કરી મનપા કમિશનરના છાજીયા લઈ રોષ વ્યક્ત કર્યો હતો. તેમજ સફાઈ કામદારના પ્રમુખે આગામી સમયમાં પ્રશ્નોનું નિરાકરણ નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશુ તેમ જણાવ્યું હતું.

## નેશનલ ટેકવોન ડો ચેમ્પીયનશીપમાં ગાંધીનગરે ૧૦ મેડલ પ્રાપ્ત કર્યા




ગાંધીનગર, તા. ૮

નેશનલ ટેકવોનડો ચેમ્પીયનશીપમાં ગાંધીનગરના ૧૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જ્યારે રાજસ્થાન ખાતે યોજાયેલી ૧૧મી નેશનલ ટેકવોન્ડો ચેમ્પીયનશીપમાં ગાંધીનગરને ૧૦ મેડલ પ્રાપ્ત થયા છે.

ગાંધીનગર ટેકવોનડો એસોસિએશનના ચીફ કોચ જતીન દવે આ અંગે જણાવ્યા અનુસાર ઓક્ટોબર મહિનાના પ્રારંભે રાજસ્થાન ખાતે ૧૧મી નેશનલ ટેકવોન્ડો ચેમ્પીયનશીપ યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશનના ૧૪ ખેલાડીઓને ભાગ લીધો હતો. આ ચેમ્પીયનશીપમાં ગાંધીનગરના ખેલાડીઓએ ૧૦ મેડલ પ્રાપ્ત કર્યા છે. જેમાં વિવિધ ઈવેન્ટ અને કેટેગરીમાં ૬ ગોલ્ડ મેડલ અને ૪ સિલ્વર મેડલ મેળવ્યા છે.

ટેકવોન્ડો ટીમના ખેલાડીઓને ચીફ કોચ જતીન દવેએ ટીમને તાલીમ આપી હતી. જ્યારે અજય જાડેજાએ ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ગોલ્ડમેડલ પ્રાપ્ત કરનાર ખેલાડીઓમાં અંકીતા પરમાર, હેતલ પરમાર, શૈલી પરમાર, વેદાન સોલંકી, દવે પટેલ, કુનાલ વાઘેલાનો સમાવેશ થાય છે.

જ્યારે સિલ્વર મેડલમાં મિલાપ ટાટરીયા, કબીર બારોટ, પ્રિયાશુ વર્મા અને ફેનિલ પટેલનું સમાવેશ થાય છે. વિજેતા ખેલાડીઓને સંસ્થાના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણી તેમજ અશ્વિન પટેલે બિરદાવ્યા છે.

## અતિવૃષ્ટિગ્રસ્ત જિલ્લામાં ચુકવાયેલ સહાયની વિગતો જાહેર કરો : નિશીત વ્યાસ

અમદાવાદ, તા. ૮

બનાસકાંઠા,પાટણ, અમરેલી જિલ્લા સહિત રાજયમાં ભારે વરસાદના કારણે થયેલ અતિવૃષ્ટિના કારણે ખેડૂતોના ઉભા પાકને ભારે નુકશાન થવા પામ્યું હતું એટલું જ નહી હજારો એકર ખેડૂતોની જમીનોનું સદંતર ધોવાણ થઈ જવા પામ્યું હતું. અતિવૃષ્ટિ આવ્યાને આજે ત્રણ મહિનાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં પણ ખેડૂતોને મળવાપાત્ર સહાય હજી સુધી મળી નથી અને જે મળી છે તે નજીવી રકમ મશ્કરી સમાન હોવાનો આક્ષેપ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી નિશીત વ્યાસે જણાવ્યું હતું કે, ભાજપ સરકાર મોટા ઉદ્યોગો માટે લાલ જાજમ બીછાવે છે અને મળતીયા ઉદ્યોગપતિઓ ઉદ્યોગ સ્થાપે તેની સાથે જ મોટી રાહતોની માંગણી કરે તેના કરતાં વધુ ગુજરાતની ભાજપા સરકાર રાહતો સરકારી તિજોરીમાંથી લ્હાણી કરે છે. જ્યારે ખેડૂતોને તેમના પાક નુકશાન અને જમીનોનું ધોવાણ માટેની રાહત મેળવવા માટે સરકારી કચેરીઓના દ્વારે-દ્વારે અથડાવું પડે છે. રાજ્યમાં ખેડૂતોની અવ્યવસ્થા-આપઘાત માટે ભાજપની સરકારની નિતી અને નિયત જવાબદાર છે.

બનાસકાંઠા, પાટણ, અમરેલીમાં તાજેતરમાં આવેલ અતિવૃષ્ટિના કારણે મોટા પ્રમાણમાં ખેડૂતોને પાકનું નુકશાન થવા પામ્યું હતું. અને જમીનોનું મોટા પ્રમાણમાં ધોવાણ થવા પામ્યું હતું. અતિવૃષ્ટિ આવ્યાને ત્રણ મહિનાથી વધુ સમય થઈ ગયો હોવા છતાં હજુ માત્ર ૨૦-૨૫ ટકા ખેડૂતોને આંશિક સહાય ચુકવવામાં આવી છે. જ્યારે બાકીના ખેડૂતોને રાહત કહો કે અચ્છે દિન ક્યારે આવશે તેની રાહમાં બેઠા છે. એમના ઘરે બે ટંક ભોજન માટે પણ મુશ્કેલી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. અસરગ્રસ્ત ખેડૂતોને ક્યાં જિલ્લામાં કેટલું પાક નુકશાન થયું ? કેટલી જમીનોનું ધોવાણ થયું ? અને તેની સામે ભાજપની રાજ્ય સરકારે અત્યાર સુધીમાં કેટલા ખેડૂતોને કેટલી સહાય ચુકવવામાં આવી અને કેટલી ચુકવવાની બાકી ? તે અંગેની વિગતો-આંકડાઓ સાથેનું શ્વેતપત્ર બહાર પાડવું જોઈએ.